# ખેડાપાલિકામાં LED કૌભાંડ, બજાર ભાવ કરતાં વધુ ચૂકવ્યાનો આક્ષેપ

**ખેડા પાલિકાએ** 533 એલઈડી લાઈટની કરેલી ખરીદીમાં વિપક્ષે પ્રશ્નાર્થ ખડો કર્યો

(પ્રતિનિધિ) ખેડા તા.13

ખેડા નગરપાલિકામાં વહીવટી પારદર્શિતા જાળવવામાં સત્તાધીશો નિષ્ફળ નિવડ્યા હોવાની ચર્ચાઓ શહેરભરમાં ઉઠવા પામી છે. ખેડા પાલિકામાં અવાર નવાર વિકાસ કાર્યો મામલે વિવાદાસ્પદ સ્થિતિ ઉદભવે છે. પાલિકાએ તાજેતરમાં જ એલઈડી ખરીદી મામલે વધુ એક વિવાદ સર્જાયો છે.

ખેડા પાલિકા દ્વારા તાજેતરમાં 533 નંગ એલઈડી સ્ટ્રીટ લાઈટની ખરીદી કરવામાં આવી છે. જેમાં મોટાપાયે ગેરરીતિ થઈ હોવાના આક્ષેપો સાથે વિરોધ પક્ષના સભ્ય દ્વારા કરવામાં આવ્યા છે. જોકે વિપક્ષના આક્ષેપને કારણે નગરપાલિકા તંત્રની દોડધામ વધી જવા પામી છે. ખેડા નગરપાલિકા દ્વારા સરકારી 'જેમ' (GeM) પોર્ટલના ઓથા હેઠળ બજાર ભાવ કરતા અનેકગણી મોંઘી અને હલકી ગુણવત્તાની લાઈટો ખરીદી કરાઈ છે. પરંતુ આ ખરીદી હેઠળ ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાની લેખિત ફરિયાદ થતાં સમગ્ર શહેરમાં આ મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.

ખેડા નગરપાલિકાએ કુલ 533 સ્ટ્રીટ લાઈટોની ખરીદી કરી છે, જેનું કુલ બિલ 9,30,085 જેટલું બનાવવામાં આવ્યું છે. જોકે આશ્ચર્યજનક બાબત એ છે કે, જે લાઈટ માટે પાલિકાએ એક નંગના 1745 ચૂકવવાનું નક્કી કર્યું છે.

આ મોંઘાભાવની લાઈટો હોવા છતાં હાલ શહેરના અમુક વિસ્તારોમાં લગાવવાની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. જોકે તંત્ર આ બાબતે તટસ્થ તપાસ કરશે કે પછી ભીનું સંકેલીને બિલની ચુકવણી કરી દેવામાં આવશે ? તે અંગે અનેક તર્કવિતર્કો થઈ રહ્યા છે.

### 3 વોટર ATM મશીનોની ખરીદી કરાઈ

ખેડા પાલિકામાં થતા ભ્રષ્ટાચાર અંગે અગાઉ પણ આક્ષેપો કરાયા છે. બે વર્ષ અગાઉ પણ 'જેમ' પોર્ટલ દ્વારા બજાર ભાવ કરતા ઊંચા ભાવે 3 વોટર ATM મશીનોની ખરીદી કરવામાં આવી હતી. હાલમાં પરિસ્થિતિ એવી છે કે તેમાંથી એક મશીન લાંબા સમયથી બંધ છે, જ્યારે બાકીના બે મેઇન્ટેનન્સના અભાવે શુદ્ધ પાણી આપી શકતા નથી. આ મામલામાં જે તે સમયના અધિકારીઓ અને કર્મચારીઓની મિલીભગત હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

### જવાબદારો સામે કાર્યવાહી કરવાની ચીમકી

ખેડા નગરપાલિકાના વિરોધ પક્ષના સભ્ય વિષ્ણુભાઈ પટેલે આ મામલે આક્રમક વલણ અપનાવ્યું છે. તેમણે ચીફ ઓફિસરને લેખિતમાં ફરિયાદ કરી જણાવ્યું છે કે, આ ખરીદીમાં ભારે ભ્રષ્ટાચાર થયો હોવાથી દિવાબત્તી કમિટીનો અહેવાલ ન આવે ત્યાં સુધી આ બિલોની ચુકવણી અટકાવવી જોઈએ. જો પાલિકા તંત્ર દ્વારા બિલ પાસ કરવામાં આવશે, તો જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની ચીમકી પણ તેમણે ઉચ્ચારી છે.

## નડિયાદના પૂર્વ વોર્ડના નાગરિકો માટે 'સેવા સેતુ' કાર્યક્રમ યોજાયો




નડિયાદ મહાનગરપાલિકા દ્વારા પૂર્વ વોર્ડ વિસ્તારના નાગરિકોને એક જ સ્થળે તમામ સરકારી સેવાઓ અને કલ્યાણકારી યોજનાઓનો લાભ મળી રહે તે હેતુથી સંતરામ કન્યા શાળા ખાતે 'સેવા સેતુ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય પંકજભાઈ દેસાઈએ કાર્યક્રમની મુલાકાત લઈ વિવિધ સેવા ટેબલોનું નિરીક્ષણ કર્યું હતું અને લાભાર્થીઓને વિવિધ સર્ટિફિકેટનું વિતરણ કર્યું હતું. આ સેવા સેતુ કેમ્પમાં કલેક્ટર કચેરી અને મહાનગરપાલિકા દ્વારા આધાર કાર્ડ અપડેટ, રેશન કાર્ડ ઈ-કેવાયસી, આવક-જાતિ અને રહેઠાણના દાખલા, આયુષ્માન કાર્ડ તેમજ વિધવા અને દિવ્યાંગ સહાય જેવી સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત હેલ્થ વિભાગ દ્વારા નાગરિકોનું હેલ્થ ચેકઅપ અને MGVCL દ્વારા સ્માર્ટ મીટરની સેવાઓ પણ ઉપલબ્ધ કરાવાઈ હતી. આ કાર્યક્રમમાં મ્યુનિસિપલ કમિશનર જી.એચ. સોલંકી, ડેપ્યુટી કમિશનરો, શહેર સંગઠન પ્રમુખ વિરાગભાઈ અને અન્ય અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. - જશવંતસિંહ રાઠોડ

---

વસોની પેટલી પ્રાથમિક શાળામાં આચાર્ય અને શિક્ષકો આમને-સામને આવ્યાં

# પેટલી પ્રા. શાળામાં ભ્રષ્ટાચાર અને માનસિક ત્રાસના આક્ષેપો

**સફાઈ** અને પ્રવાસની સરકારી ગ્રાન્ટમાં ઉચાપત કરાઇ હોવાની રજૂઆત

(પ્રતિનિધિ) નડિયાદ તા.15

વસો તાલુકાની પેટલી પ્રાથમિક શાળાના આચાર્યની મનસ્વી કાર્યપદ્ધતિ અને આર્થિક ગેરરીતિઓ વિરુદ્ધ શિક્ષકોએ બ્યૂગલ ફૂંકતા શિક્ષણ જગતમાં સનસનાટી મચી ગઈ છે. શિક્ષકોએ આચાર્ય પર સરકારની વિવિધ ગ્રાંટોમાં ઘાલમેલ કરી નાણાંકીય ભ્રષ્ટાચાર કર્યો હોવાના ગંભીર આરોપો લગાવ્યા છે. બીજી તરફ, આચાર્યએ શિક્ષકો મોબાઈલ વાપરતા હોવાથી તેમને ઠપકો આપતા આ માથાકૂટ શરૂ થઈ હોવાનો દાવો કર્યો છે. આ મામલે હવે યોગ્ય તપાસની માંગણી ઉઠી છે.

આ અંગે શિક્ષકોના આક્ષેપ મુજબ, સફાઈ કામગીરી માટે મળતી માસિક ચાર હજારની ગ્રાન્ટ સફાઈ કામદારને આપવાને બદલે આચાર્ય પોતે હડપ કરી જાય છે. આ ઉપરાંત, શૈક્ષણિક સાધનો અને સ્ટેશનરીની ખરીદીમાં પણ ખોટા બિલો બનાવી આર્થિક ઉચાપત કરવામાં આવતી હોવાની વિગતો રજૂ કરાઈ છે. આચાર્યનો ભૂતકાળ પણ વિવાદાસ્પદ રહ્યો છે, તેઓ અગાઉ જોરાપુરા અને સોડપુર ખાતે ફરજ દરમિયાન પણ વિવાદોમાં સપડાયા હતા. હાલમાં તેઓ પોતાની રાજકીય વગનો ઉપયોગ કરી શિક્ષકોને નોકરીમાંથી કઢાવી મૂકવાની ધમકીઓ આપી માનસિક ત્રાસ ગુજારતા હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

### ગ્રાન્ટછતાંવિદ્યાર્થીઓપાસેથીનાણાંઉઘરાવ્યા

શિક્ષકોએ આક્ષેપ કર્યો છે કે, સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રવાસ માટે સરકાર દ્વારા 85,000ની સહાય આપવામાં આવી હતી. આમ છતાં, આચાર્યએ 86 બાળકો પાસેથી વિદ્યાર્થી દીઠ 900 ઉઘરાવ્યા હતા. મળતિયાઓના બિલો રજૂ કરી સરકારી પૈસા 'ચાઉં' કરી ગયા હોવાનો આરોપ પણ લગાવાયો છે.

# કઠલાલમાં કાર ટક્કરે બાળકના મોત કેસમાં ચાલકને 2 વર્ષ કેદ

**શોભાયાત્રા** દરમિયાન સર્જાયેલા અકસ્માત મામલે કઠલાલ કોર્ટનો મહત્વનો ચુકાદો

(પ્રતિનિધિ) કઠલાલ તા.15

કઠલાલના લાડવેલ હનુમાનજી મંદિર પાસે ઈન્દોર-અમદાવાદ હાઈવે પર ગત 22મી જાન્યુઆરી 2024ના રોજ પૂરઝડપે કાર ચલાવી એક 9 વર્ષીય બાળકનું મોત નિપજાવવાના કેસમાં કોર્ટે કાર ચાલકને તકસીરવાન ઠરાવી જેલની સજા ફટકારી છે.

ગોધરાની જુલેલાલ સોસાયટીમાં રહેતો પરેશ પરસોત્તમ મુલચંદાણી પોતાની કાર લઈને પસાર થઈ રહ્યો હતો ત્યારે તેણે રસ્તો ક્રોસ કરી રહેલા ઉત્તમ (ઉ.વ.9)ને અડફેટે લીધો હતો. અયોધ્યા પ્રાણ પ્રતિષ્ઠા નિમિત્તે ગામમાં યોજાયેલી શોભાયાત્રાને કારણે લોકોની અવરજવર હોવા છતાં, પૂરઝડપે કાર ચલાવી અકસ્માત સર્જી આરોપી નાસી છૂટ્યો હતો. આ અકસ્માતમાં બાળકને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. કઠલાલ પોલીસે આ મામલે આઈપીસી અને એમ.વી. એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. અદાલતે આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ 304 (અ) હેઠળ બે વર્ષની સાદી કેદ અને પાંચ હજાર રૂપિયા દંડનો હુકમ કર્યો છે. જો આરોપી દંડ ન ભરે તો વધુ 6 માસની કેદની સજા ભોગવવી પડશે. આ ઉપરાંત અન્ય કલમો હેઠળ પણ દંડ અને કેદની સજા ફટકારવામાં આવી છે, જે તમામ સજાઓ એકસાથે ભોગવવાનો કોર્ટે આદેશ કર્યો છે.

લસુન્દ્રાની ગુમ યુવતી અંગે સાત દિવસ બાદ મોડાસા પોલીસના ફોનથી ભાંડો ફૂટ્યો

# યુવતીના પ્રેમલગ્નને લઈ પાટીદાર અને રબારી સમાજ વચ્ચે મડાગાંઠ

**રબારી** સમાજે પણ પરંપરાના નામે લગ્નનો અસ્વીકાર કરતા મામલો ગરમાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.15

કઠલાલ તાલુકાના લસુન્દ્રા ગામે રહેતી પલક નામની યુવતીએ અન્ય સમાજના યુવક પિયુષ રબારી સાથે પ્રેમ લગ્ન કરી લેતા સમગ્ર પંથકમાં ભારે ઉત્તેજના વ્યાપી ગઈ છે. ગત 7મી તારીખે ઘરેથી કોલેજ જવાનું કહીને નીકળેલી યુવતી મોડી સાંજ સુધી પરત ન ફરતા પરિવારે કઠલાલ પોલીસ મથકે ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. સાત દિવસની શોધખોળ બાદ ગઈકાલે મોડાસાના સબલપુર પોલીસ સ્ટેશનથી ફોન આવતા ખુલાસો થયો હતો કે પલકે પિયુષ સાથે લગ્ન કરી લીધા છે અને હાલ તે પોલીસ સંરક્ષણમાં છે.

કઠલાલ તાલુકાના લસુન્દ્રા ગામમાં રહેતા પાટીદાર દીકરીના લગ્નના સમાચાર મળતા જ પરિવાર સ્તબ્ધ થઈ ગયો છે. યુવતીની માતાએ પોતાની વેદના ઠાલવતા દીકરીને સહી-સલામત પરત સોંપવા આજીજી કરી છે. આ વિવાદમાં પાટીદાર સમાજના આગેવાનો પણ પીડિત પરિવારની વ્હારે આવ્યા છે અને દીકરીને પરત મેળવવા માટે તમામ સામાજિક તેમજ કાનૂની લડત આપવાની ખાતરી ઉચ્ચારી છે.

બીજી તરફ, રબારી સમાજના આગેવાનોએ પણ આ લગ્ન મામલે પોતાનો પક્ષ સ્પષ્ટ કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે, સમાજની પરંપરા મુજબ તેઓ અન્ય સમાજમાં દીકરી આપતા નથી કે અન્ય સમાજની દીકરી સ્વીકારતા નથી. સામાજિક સમરસતા અને પરંપરા જાળવવા માટે સમાજ કટિબદ્ધ હોવાનું જણાવતા સ્થિતિ વધુ ગંભીર બની છે.

આ અંગે હાલમાં યુવક-યુવતી બંને પોલીસ સ્ટેશનમાં છે અને તેમણે પોતાની મરજીથી સાથે રહેવાની ઈચ્છા વ્યક્ત કરી છે. જેના પગલે આ કેસ ભારે સંવેદનશીલ બન્યો છે.

---

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### મહેમદાવાદ શહેરમાં 204 આચાર્યોને 'પ્રશસ્ત' એપ અંગે આપવામાં આવી

**મહેમદાવાદ |** મહેમદાવાદ તાલુકાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના ૨૦૪ આચાર્યશ્રીઓ માટે તાજેતરમાં એક વિશેષ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ 'સમગ્ર શિક્ષા' અભિયાન અંતર્ગત આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં તાલુકાના શૈક્ષણિક વડાઓએ હાજરી આપી હતી. આ તાલીમનો મુખ્ય હેતુ આચાર્યોને 'પ્રશસ્ત' (Prashast) એપ્લિકેશનની કાર્યપદ્ધતિ અને તેના ઉપયોગથી માહિતગાર કરવાનો હતો.. શિક્ષણમાં ટેકનોલોજીના અસરકારક અમલીકરણ માટે આ તાલીમ દ્વારા આચાર્યોને વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.



### વાસદની એસવીઆઇટી ખાતે 29મો વાર્ષિક મહોત્સવ 'મલ્હાર-2026' ભવ્ય રીતે ઉજવાયો




**આણંદ |** વાસદ સ્થિત એસવીઆઇટી કોલેજમાં ડો. હેમાબેન પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં 29મો વાર્ષિક ઉત્સવ 'મલ્હાર-2026' ભવ્ય રીતે ઉજવાયો હતો. આ પ્રસંગે શૈક્ષણિક, રમતગમત અને સાંસ્કૃતિક ક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાએ કોલેજનું ગૌરવ વધારનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ મનમોહક સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી પોતાની સુષુપ્ત શક્તિઓનું પ્રદર્શન કર્યું હતું, જેનાથી સમગ્ર વાતાવરણ ઉત્સાહમય બની ગયું હતું. પ્રિન્સિપાલ ડો. દેવેશ સોનીના માર્ગદર્શન અને ટ્રસ્ટીગણના સહયોગથી આયોજન સફળતાપૂર્વક સંપન્ન થતા કોલેજ પરિવારે આભાર વ્યક્ત કર્યો હતો.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે.
આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### મોગરીની વી.જે. પટેલ ફિઝિકલ કોલેજના વિદ્યાર્થીની ઓલ ઈન્ડિયા ઇન્ટર યુનિ. ટુર્નામેન્ટમાં પસંદગી

**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત મોગરીની ફિઝિકલ કોલેજના વિદ્યાર્થી સરવૈયા જયેશભાઈની ઓલ ઈન્ડિયા ઇન્ટર યુનિવર્સિટી ક્રોસ કન્ટ્રી મેન્સ ટુર્નામેન્ટમાં પસંદગી થઈ છે. તેમણે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીની ટીમ વતી રોહતક ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં ભાગ લઈ કોલેજ અને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. આ સિદ્ધિ બદલ સંસ્થાના મંત્રી કે.ડી. પટેલ અને આચાર્ય ડો. અજીતસિંહ ગોહિલે વિદ્યાર્થીને અભિનંદન પાઠવી પ્રોત્સાહિત કર્યા હતા. કોલેજ પરિવાર અને સ્ટાફ મિત્રોએ પણ જયેશભાઈની આ સફળતાને હર્ષભેર વધાવી લઈ તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.



### લુણાવાડાની પી.એન. પંડ્યા કોલેજમાં 'બાયોકેમ-2026' રાષ્ટ્રીય કોન્ફરન્સ ભવ્ય રીતે સંપન્ન




**લુણાવાડા |** મહીસાગરની પી.એન. પંડ્યા કોલેજમાં 'એડવાન્સિસ ઇન કેમેસ્ટ્રી એન્ડ લાઈફ સાયન્સીસ' વિષય પર 'બાયોકેમ-2026' રાષ્ટ્રીય કોન્ફરન્સનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના કુલપતિ હરિભાઈ કટારિયાના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા પ્રારંભાયેલ આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને આધુનિક વૈજ્ઞાનિક અભિગમ અપનાવવા પ્રેરણા આપવામાં આવી હતી. ગુજકોસ્ટ પ્રાયોજિત આ પરિષદમાં નિષ્ણાત પ્રો. અનામિક શાહની ઉપસ્થિતિમાં દેશભરના 350થી વધુ સંશોધકોએ 100થી વધુ પોસ્ટર પ્રેઝન્ટેશન રજૂ કર્યા હતાં. ટ્રસ્ટી અનિલ પંડ્યા અને આચાર્યના નેતૃત્વમાં કાર્યક્રમ યોજાયો હતો.

### મહીસાગરના લુણાવાડામાં 51 દિવ્યાંગોને આધુનિક સાધન સહાયનું વિતરણ કરાઇ



**લુણાવાડા |** લુણાવાડા ખાતે 51 દિવ્યાંગોને આધુનિક સાધન સહાય વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે જરૂરતમંદોને 44 મોટરાઈઝડ ટ્રાઈસિકલ અને 7 જોયસ્ટિક વ્હીલચેર અર્પણ કરી તેમને સ્વનિર્ભરતા તરફ ડગ માંડવા પ્રોત્સાહિત કરાયા હતા. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી અને ચીફ ઓફિસરની ઉપસ્થિતિમાં દિવ્યાંગોને આ બેટરી સંચાલિત સાધનોના ઉપયોગ અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ આધુનિક સાધનોથી દિવ્યાંગોનો શારીરિક શ્રમ ઘટશે અને તેમની ગતિશીલતા વધશે.

### આણંદની પીએમ પટેલ કોલેજ કેમ્પસના વુમન સેલ દ્વારા મહિલા દિન નિમિત્તે પ્રવાસનું આયોજન કરાયું

આણંદ | શહેરની પીએમ પટેલ કોલેજ કેમ્પસના વુમન સેલ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે એક વિશેષ પ્રવાસનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલા દિવસની ઉજવણી કરવાની સાથે મહિલા સભ્યોમાં ઉત્સાહ અને એકતા વધારવાનો રહ્યો હતો. વુમન સેલ દ્વારા આયોજિત આ પ્રવાસમાં કોલેજ પરિવારની મહિલા સભ્યોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમ દ્વારા કોલેજ કેમ્પસમાં મહિલા સશક્તિકરણના સંદેશને મજબૂત બનાવવાનો એક પ્રશંસનીય પ્રયાસ કરવામાં આવ્યો હતો.



### આણંદ કૃષિ યુનિવર્સિટીમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની શાનદાર ઉજવણી કરાઇ

આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટીની ફૂડ પ્રોસેસિંગ ટેક્નોલોજી કોલેજ ખાતે તાજેતરમાં જેન્ડર સેલ દ્વારા 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે નાયબ પોલીસ અધિક્ષક રિદ્ધિ ગુપ્તેએ 'સાયબર સિક્યુરિટી' અને ડો. મનીષા રાઠોડે 'ઇમોશનલ ઇન્ટેલિજન્સ' પર ૧૧૫થી વધુ વિદ્યાર્થિનીઓ અને મહિલા સ્ટાફને સચોટ માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં શાયરીઓ, ક્વિઝ અને વિવિધ રમતોના આયોજન દ્વારા જ્ઞાન સાથે મનોરંજનનો સુંદર સમન્વય સાધવામાં આવ્યો હતો. ડીન ડો. સમિત દત્તાના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમ ઉપસ્થિત તમામ મહિલાઓ અને વિદ્યાર્થિનીઓ માટે અત્યંત પ્રોત્સાહક અને યાદગાર રહ્યો હતો.



### આણંદની ડી.એન. ઈન્સ્ટિટ્યૂટમાં 'સોશિયલ મીડિયા અને માનસિક સુખાકારી' પર વિશેષ વ્યાખ્યાન યોજાયું



આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત ડી.એન. ઇન્સ્ટીટ્યુટ ખાતે CWDC દ્વારા સોશિયલ મીડિયાના યુગમાં આત્મવિશ્વાસ અને માનસિક સુખાકારી વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય વક્તા ડો.સુપ્રિયા એસ. સીઓનીએ સોશિયલ મીડિયાના પ્રભાવ હેઠળ ઉભા થતા અવાસ્તવિક સૌંદર્ય ધોરણો અને સરખામણીની માનસિકતા અંગે વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન આપ્યું હતું. તેમણે પ્રાયોગિક પ્રવૃત્તિઓ દ્વારા આત્મવિશ્વાસ વધારવા અને સકારાત્મક સ્વ-છબી કેળવવાના ઉપાયો વિશે વિસ્તૃત સમજ પૂરી પાડી હતી.

### આણંદના બાકરોલની સ્પેક કોલેજ દ્વારા મોગર અને ઉત્તરસંડામાં વાર્ષિક એનએસએસ કેમ્પ યોજાયાં



**આણંદ |** તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (SPEC), બાકરોલની MBA કોલેજના એનએસએસ યુનિટ દ્વારા મોગર અને ઉત્તરસંડા ગામમાં વાર્ષિક કેમ્પ-૨૦૨૬નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો મુખ્ય હેતુ ગામજનોમાં સામાજિક જાગૃતિ, સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ, ડિજિટલ ઇન્ડિયા અને સાયબર ફ્રોડ અંગે જાગૃતિ ફેલાવવાની સાથે વિદ્યાર્થીઓમાં સમાજસેવાની ભાવના વિકસાવવાનો રહ્યો હતો. સંસ્થાના ડિરેક્ટર ડો. વિશાલ પાટીદાર અને ટ્રસ્ટીમંડળના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયેલા આ કેમ્પની સફળતા બદલ સેક્રેટરી શીતલ પટેલ અને મેનેજમેન્ટે અભિનંદન પાઠવ્યાં હતાં.

### આણંદની કસ્તુરબા કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓનો રમતગમત સ્પર્ધામાં દબદબો

**આણંદ |** આણંદના રામપુરા સ્થિત સરદાર પટેલ રમત સંકુલ ખાતે નહેરુ યુવા કેન્દ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' નિમિત્તે વિવિધ રમતગમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં આણંદની વિવિધ શાળાઓની 200થી વધુ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો, જેમાં ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત કસ્તુરબા કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. શાળાની ગોહેલ પ્રિયાંશી, ઠાકોર કાવ્યા અને પરમાર પ્રિયંકા સહિતની અન્ય વિદ્યાર્થિનીઓએ 200 અને 400 મીટરની દોડમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. આ સિદ્ધિ બદલ સંસ્થાના મંત્રી કેતનભાઇ પટેલ, આચાર્યા નિરાલીબેન અને સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવ્યાં હતાં.



### ખાનપુરના બાકોરના યુવાને પ્રથમ પ્રયત્ને CA ઇન્ટરમીડિયેટ પરીક્ષામાં મેળવી ભવ્ય સફળતા

**ખાનપુર |** ખાનપુર તાલુકાના બાકોર ગામના ક્રિશ રાજેશકુમાર દરજીએ જાન્યુઆરી-૨૦૨૬ની સીએ ઇન્ટરમીડિયેટ પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને બંને ગ્રુપ પાસ કરી 338 માર્ક્સ મેળવ્યા છે. સમગ્ર ભારતનું પરિણામ માત્ર ૯ ટકા હોવા છતાં આ કઠિન સિદ્ધિ હાંસલ કરી તેમણે ગામ અને દરજી સમાજનું ગૌરવ વધાર્યું છે. આ ઝળહળતી સફળતા બદલ પરિવારજનો અને ગ્રામજનો દ્વારા યુવાન પર અભિનંદનનો વરસાદ થઈ રહ્યો છે.

